- ૨૬ ફાઈલી



સને ૨૦૧૭-૧૮ ના વર્ષના અંદાજપત્રમાંથી માહે જાન્યુઆરી - ૨૦૧૮- થી ફેબ્રુઆરી-૨૦૧૮ માસ માટેની કેન્દ્રીય પુરસ્કૃત યોજના રાજ્યના હિસ્સાની ગ્રાન્ટ ફાળવવા બાબત...
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ) મૂડી સદર

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૭/૨૪૪/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૭/૦૧/૨૦૧૮

વંચાણે લીધો -

આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૪/૦૧/૨૦૧૮ ઓનલાઈન ઠરાવ ક્રમાંક:- **BUD/102017 /CAP/30**
આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૬/૦૧/૨૦૧૮ ઓનલાઈન ઠરાવ ક્રમાંક:- **BUD/102017/CAP/31**

યાદી : -

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઠરાવ (૧) અને (૨) થી સને ૨૦૧૭-૧૮ના **જાન્યુઆરી -૨૦૧૮થી ફેબ્રુઆરી-૨૦૧૮ માસ માટે કેન્દ્ર પુરસ્કૃત યોજના (રાજ્યનો હિસ્સો)માટે અનુક્રમે રૂ.૧૪,૦૬,૩૪,૦૦૦/- તેમજ રૂ.૧૧,૭૪,૭૦,૦૦૦/- આમ, કુલ રૂ.૨૫,૮૧,૦૪,૦૦૦** (અંકે રૂપિયા પચીસ કરોડ એક્યાસી લાખ ચાર હજાર પુરા ) ગ્રાન્ટ માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ હેઠળ પાણી પુરવઠા પ્રભાગના હવાલે મુકવામાં આવેલ છે. ઉક્ત રૂ. ૨૫,૮૧,૦૪,૦૦૦ની (અંકે રૂપિયા પચીસ કરોડ એક્યાસી લાખ ચાર હજાર પુરા)ની ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવવા ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી(પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

| અ.નું | વિગતવાર સદર | | જાન્યુઆરી -૨૦૧૮- થી ફેબ્રુઆરી - ૨૦૧૮ સુધી<br>આયોજન હેઠળ | રકમ શબ્દોમાં અંકે રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (રાજ્યનો હિસ્સો) | | | |
| ૧ | મુખ્ય સદર - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ (PSS) | ૨૫,૮૧,૦૪,૦૦૦ | પચીસ કરોડ એક્યાસી લાખ ચાર હજાર |
| | પેટા મુખ્ય સદર - | ૦૧ પાણી પુરવઠો | | |
| | ગૌણ સદર - | ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | |
| | પેટા સદર - | ૦૧ ડબ્લ્યુ.એસ.એસ.-૪૭ ગ્રામીણ પાણી પુરવઠાની સરકારી યોજનાઓ (પીવાનું પાણી) | | |
| | વિગતવાર સદર - | ૦૦ | | |
| | હેતુ સદર - | ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ | | |
| | હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧ | | |
| | | કુલ સરવાળો.... | ૨૫,૮૧,૦૪,૦૦૦ | પચીસ કરોડ એક્યાસી લાખ ચાર હજાર |

શરતો :-

1. સને ૨૦૧૭-૧૮ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૭-૧૮ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.
3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠાનાં અધિકારીશ્રી એ કરવાના રહેશે.
4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.

5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપાડ અને વહેચણી અધિકારીશ્રી(પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા.૦૪/૦૧/૨૦૧૭ તેમજ ૦૬/૦૧/૨૦૧૭ ના ઠરાવોમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઉપસચિવશ્રી(પા.પુ)
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. મુ.ઈ અને અધિક સચિવશ્રી (યોજના), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨.ખાસ ફરજ પરના અધિકારીશ્રી (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૩. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૫ સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

નકલ રવાના

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

૬. નાયબ સેક્શન અધિકારી.
૭. પસંદગી ફાઈલ.